# સ્વલીનતાના
# વર્ણપટની વિકૃતિ

## માબાપો તથા સાર-સંભાળ રાખનારાઓ માટે માર્ગદર્શિકા

**જો તમારા બાળકનું તાજેતરમાં ઓટિસ્ટિક કે સ્વલીનતાની માનસિક વિકૃતિ સાથે નિદાન કરવામાં આવ્યું હોય અથવા ઓટિસ્ટિક વલણ કે વૃત્તિ હોય - અથવા કદાચ તમને સ્વલીનતાની શંકા-સંશય હોય - તો પછી તમને ઘણા પ્રશ્નો હશે. તમને જણવાની ઈચ્છા થશે કે ઓટિઝમ કે સ્વલીનતા એ શું છે અને સામાન્ય રીતે કુટુંબ-પરિવાર ઉપર તેની શું અસર પડશે.**

સૌથી પહેલાં, અમને બે મુદાઓ ઉપર ભાર દેવાની ઇચ્છા છે :

- **તે તમારી ભૂલ કે દોષ નથી!**

જે રીતે તમે તમારા બાળકને ઉછેરી રહ્યા છો તેની સાથે ઓટિઝમ કે સ્વલીનતાને કોઈ સંબંધ નથી. સ્વલીનતાવાળા બાળકોના માતાપિતા કેવળ દરેકની જેમ હોય છે.

- **તમે કંઈ એકલા નથી.**

બ્રિટેનમાં ૫૦૦,૦૦૦ કરતાં પણ વધારે લોકો છે કે જેઓ કાંતો લાક્ષણિક કે વિશિષ્ટ રીતે સ્વલીનતા (માનસિક વિકૃતિ) વાળા છે અથવા જેઓને સ્વલીનતાની વૃતિ કે વલણો હોય છે. દરેક વ્યક્તિની વર્તણૂંક, જેમાં તમારા બાળકનો સમાવેશ થાય છે, તે અનુપમ કે અજોડ હશે, આમ છતાં પણ, મહત્વની સામાન્ય મુશ્કેલીઓ હોય છે કે જે સમગ્ર જૂથને સાથે મળીને જોડે છે. જો કે ભૂતકાળમાં, ઓટિઝમ કે સ્વલીનતા વિષે મોટા પ્રમાણમાં અજ્ઞાનતા હતી, પણ ઓટિઝમવાળા બાળકોને જે વિશિષ્ટ જરૂરિયાતો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે માટે આજે વિકાસ પામતી જાગૃતિ છે, અને ઓટિઝમ કે સ્વલીનતાના ક્ષેત્રમાં વધતા જતાં વિશેષજ્ઞ કે નિષ્ણાતો છે. સમગ્ર દેશમાં ઘણા બધા સંપર્કો કે સંબંધો સાથેની, અને ૮,૦૦૦ કરતાં પણ વધારે સભ્યોવાળી રાષ્ટ્રીય ઓટિસ્ટિક સોસાયટિ, વિશાળ હારમાળાની માહિતી અને નિદાન વિષે સલાહ, મળી રહેતી સેવાઓ અને શિક્ષણ પ્રસ્તુત કરી - તે સ્વલીનતાના વર્ણપટની વિકૃતિવાળા લોકોની - અને તેઓના સાર-સંભાળ રાખનારાઓની ગૂંચવણ ભરેલી જરૂરિયાતનું પ્રતિનિધિત્વ કરવાનો પ્રયત્ન કરે છે.

આપણને વારંવાર પૂછવામાં આવતા થોડાંક - અમુક પ્રશ્નો અહીં આપવામાં આવ્યા છે - પણ મહેરબાની કરીને યાદ રાખશો કે જો તમને ઓટિઝમ કે સ્વલીનતાના કોઈ પણ પાસાંઓ અથવા એસ્પરગરના સંલક્ષણો (સિંડ્રમ) વિષે વધારે માહિતી પસંદ હશે તો અમે તમને મદદ આપવા સર્વશ્રેષ્ઠ કરશું.

## સ્વલીનતા કે ઓટિઝમ (માનસિક વિકૃતિ) એ શું છે?

ઓટિઝમ એ એક આખી જીંદગી સુધીની અપંગતા (ડિસબિલિટિ) છે કે સામાજિક અને સંદેશવ્યવહારની પ્રવીણ્યતાઓને અસર કરે છે. ઘણી વાર ઓટિઝમવાળા લોકોને તેની સાથે જ્ઞાન પ્રાપ્ત કરવાની મુશ્કેલીઓ હોય છે, પણ તેઓની બુદ્ધિ કે સમજશક્તિની કોઈ પણ કક્ષા કે સપાટી હોય, તેઓને સંસાર કે દુનિયા સમજવા માટે સામાન્ય મુશ્કેલી ભોગવવી પડે છે. ઓટિઝમ કે સ્વલીનતાવાળા મોટા ભાગના બાળકો બીજાઓ કરતાં થોડીક-અમુક પ્રકારની પ્રવીણ્યતાઓમાં વધારે સારા હશે જેથી કરીને તેઓનો વિકાસ કેવળ સામાન્ય કરતાં વધારે ધીમો કે મંદ નહિ હોય પણ જ્ઞાન પ્રાપ્ત કરવાની મુશ્કેલીઓવાળા મોટા ભાગના બીજા બાળકો કરતાં અસમાન અને જુદો હશે.

ઓટિઝમ સાથે જોડાયેલા થોડાંક - અમુક વિશિષ્ટ લક્ષણો, પિનવાળા લોકોના નીચે દૃષ્ટાંતો દર્શાવે છે. સ્વલીનતાનો (ઓટિઝમનો) એક પ્રકાર પણ હોય છે કે જેને **અસ્પરગર** સંલક્ષણ (સિંડ્રમ) તરીકે ઓળખવામાં આવે છે. ઓટિસ્ટિક વર્ણપટના વધારા કાર્યક્ષમ અંતે આ બને છે. (વધારે માહિતી માટે મહેરબાની કરીને અમારી પત્રિકા, *એસ્પરગર શું છે?* તે માટે વિનંતી કરો - કેવળ અંગ્રેજી ભાષામાં જ)

## ઓટિઝમના વિશેષ લક્ષણો શું છે?

સ્વલીનતાના વર્ણપટની વિકૃતિની (ઓટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસોર્ડર) માત્રાની લોકોને જે અસર થાય છે તે વિવિધ પ્રકારની હોય છે, પણ અસર પામતા બધા લોકોને જે કહેવામાં આવે છે તે ત્રિ-ગુણ ઈજા હોય છે (ટ્રાયડ). આ ત્રિ-ગુણ અસર કરે છે :

- સામાજિક પરસ્પર ક્રિયા (સામાજિક સંબંધોમાં મુશ્કેલીઓ)
- સામાજિક સંદેશવ્યવહાર (મૌખિક અને બિન મૌખિક સંદેશ વ્યવહારમાં મુશ્કેલી)
- કલ્પનાશક્તિ (રમતગમતના વિકાસ અને કલ્પના શક્તિમાં મુશ્કેલી)

આ ત્રિ-ગુણ ઉપરાંત, પુનરાવર્તક (રિપીટિટીવ) વર્તણૂંકનું પ્રતિરૂપ (પેટર્ન) એક નોધપાત્ર લક્ષણ હોય છે અને નિત્યક્રમમાં ફેરફારનો પ્રતિકાર કરવામાં આવે છે.

## જે રીતે ઑટિઝમને પ્રદર્શિત કરવામાં આવે છે તેની અમુક પદ્ધતિઓ કે રીતભાત આ પિનવાળા લોકો સમજાવે છે.



બેદરકારી પ્રદર્શિત કરે છે



કોઈ પુખ્ત વયની વ્યક્તિના આગ્રહ કે મદદથી જ કેવળ જોડાશે



પુખ્તવયની વ્યકિતના હાથનો ઉપયોગ કરી જરૂરિયાતો દર્શાવશે



એક પક્ષ- બાજુનું પરસ્પર ક્રિયા



બીજા બાળકો સાથે રમે નહિ



પ્રતિધ્વનિ પોપટની શબ્દોની નકલ



ફકત એકજ વિષય ઉપર સતત બોલ્યા કરે છે



વિચિત્ર વર્તણૂંક



વસ્તુઓને અડકે છે અથવા ગોળ ફેરવે છે



સર્જનાત્મકશક્તિનો અભાવ, રમવાનો ડોળ કરે છે



વિવિધતા એ જીવનનો સ્વાદ નહીં



આંખનો સંપર્ક નહિ



અયોગ્યરીતે હસવું અથવા કૃત્રિમરીતે હસવું



પણ થોડાંક - અમુક કંઈ ચીજ વસ્તુ સારી રીતે કરી શકે છે, ખૂબજ ઝડપથી પણ જે કાર્યમાં સામાજિક સમજસ હોય તેમાં નહિ

## ઓટિઝમ શેનાથી થાય છે?

આ પ્રશ્ન દરેક વ્યક્તિ પૂછે છે કમનસીબે, તે એક પ્રશ્ન છે કે જેનો જવાબ આપવો ખૂબજ મુશ્કેલ છે, કારણ કે વર્તણૂંકના નમૂનાઓ, કે જેમાંથી ઓટિઝમ (સ્વલીનતા)ને નિદાન કરવામાં આવ્યું હોય, તે કદાચ કોઈ એક જ કારણ હેતુ કે ઉદ્દેશથી પરિણામતું ન હોઈ શકે.

આમ છતાં પણ, એક સબળ કારણ છે કે સ્વલીનતા વિવિધ શારીરિક કારણોથી થઈ શકે કે જે બધા મગજ કે બુદ્ધિશક્તિના વિકાસને અસર કરતાં હોય. તે કંઈ ભાવના-લાગણીવશ મુશ્કેલીઓ અથવા લાગણીવશની ખોટ કે વિયોજનથી નથી. સ્વલીનતાનો આરંભ હમેશાં ત્રણ વર્ષ પૂરા થતાં પહેલાં થાય છે.

તે ચાર ગણા જેટલા કુમારોને અસર કરે છે કન્યાઓની સરખામણીમાં અને તેને માટે કોઈ વર્ગ અથવા વર્ણીય અવરોધ નથી.

## રોગનિદાન ચિકિત્સા શું છે?

ઓટિઝમનો કોઈ ઉપાય- ઈલાજ નથી પણ તેનો ઉપચાર થઈ શકે છે. ખાસ કરીને જો તેનું નિદાન જીવનની શરૂઆતમાં કરવામાં આવે તો.

## નિદાન માટે કોની પાસે હું જાઉં?

જો તમને શંકા હોય કે સ્વલીનતાના વર્ણપટની વિકૃતિ હાજર છે તો, તમારે જેમ બને તેમ જલદીથી તમારા બાળકને કોઈ એક વિશેષજ્ઞ નિદાન અને આકારણી માટે ઉલ્લેખ કરવાની જરૂર રહે છે. તમારા જીપીથી શરૂઆત કરો કે જેઓ તમને કોઈ એક સ્થાનિક નિષ્ણાતને ઉલ્લેખ કરી શકશે.

## શિક્ષણ

૧૯૯૬ ના શિક્ષણ કાનુન હેઠળ, સ્થાનિક કેળવણીની સત્તાવાળાઓ ને ''આકારણી'' કરવાની જરૂર રહે છે કે જયાં વિશિષ્ટ પ્રકારની કેળવણીની જરૂર હોય. કોઈક વાર બાળકને કોઈ એક વિશેષજ્ઞ કેન્દ્રમાં ઉલ્લેખ કરવાની કદાચ જરૂર રહે કારણકે સ્થાનિક ધંધાધારીઓ કંઇ હમેશાં ઓટિસ્ટિક કે સ્વલીનતાના વર્ણપટની સ્થિતિઓથી પરિચિત હોતા નથી.

ઓટિઝમવાળા બાળકોને જુદી શૈક્ષણિક જરૂરિયાતો હોય છે. તેથી તેઓને સંતોષવા માટે ઘણા બધા જુદા વિકલ્પોની જરૂર રહે છે તેથી તે ખૂબજ મહત્વનું છે કે તમારા બાળકની પ્રવીણ્યતાઓ અને જરૂરિયાતોની આકારણી શિક્ષણના સૌથી અનુકૂળ કે યોગ્ય પ્રકારના ઉપાય તરીકે નિર્ણય કરવામાં આવે.

આ આકારણીની પ્રક્રિયામાં માબાપો તથા સંભાળ રાખનારાઓની એક અગત્યની ભૂમિકા હોય છે અને આ કાર્યપદ્ધતિ વિષે એનએએસ હમેશાં જ્યાં શક્ય હશે ત્યાં માબાપોને સલાહ આપવાનો પ્રયત્ન કરશે.

**વર્ણપટની વિકૃતિ**

**ઑટિઝમ (માનસિક વિકૃતિ) એક વર્ણપટની વિકૃતિ છે, જેનો અર્થ છે કે, પરિસ્થિતિની ગંભીરતાની વિસ્તૃત પ્રકારની માત્રાઓ હોય છે. પરિભાષા 'ઑટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસઑર્ડર' (વર્ણપટની વિકૃતિ), આ પરિસ્થિતિની બધી માત્રાઓને વર્ણવે છે.**

આ આકારણીની આધાર ભૂમિકાએ, તમારા બાળકની જરૂરિયાતો સંતોષવા માટેના સૌથી અનુકૂળ કે યોગ્ય ઉપાય શોધવા વિષે નિર્ણયો કરી શકાય. જ્ઞાન પ્રાપ્ત કરવાની મુશ્કેલીઓવાળા બીજા બાળકોને પૂરી પાડવામાં આવતી સેવાઓ સાથે ભાગીદારી કરવાનો કદાચ એક વિકલ્પ હોઈ શકે. બીજો વિકલ્પ સ્વલીનતાના વર્ણપટની વિકૃતિઓવાળા બાળકોની કોઈ એક વિશેષજ્ઞ શાળા અથવા એકમ હોઇ શકે અને ત્રીજો વિકલ્પ મેઇનસ્ટ્રીમ શિક્ષણની પદ્ધતિમાં રહીને વધારાની મદદ સાથેની કોઈ એક નિયુક્તિ (પ્લેસમેન્ટ) હોઈ શકે. સૌથી મહત્વનો મુદ્દો એ છે કે તમારા બાળકની વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતોને સ્વીકૃત કરી એને સંતોષવામાં આવે છે તે નિશ્ચિત કરાય છે.

શિક્ષણ અને સંચાલનના કાર્યક્રમો ઉપરાંત, વિવિધ પ્રકારની  ચિકિત્સા કે ઉપચાર પદ્ધતિઓ પણ કરવામાં આવી છે. કોઈક વાર માબાપોને ખબર પડી કે કોઈ એક વિશિષ્ટ ઉપચાર મદદરૂપ રહયો છે - પણ કમનસીબે, દરેક વ્યક્તિ માટે કોઈ એક જ અભિગમ સફળપૂર્વક રહયો નથી!

બધા માબાપોને સલાહ અને માહિતી આપવાનો પ્રયત્ન કરતી એક રાષ્ટ્રીય સોસાયટિ તરીકે, કોઈ પણ પ્રકારના મૂલ્યાંકન વગરના ઉપાય વિષે હિમાયત કરવા માટે અમારે અનિવાર્યપણે સાવધ રહેવું પડે. અલબત અમે કોઈ એક માબાપ, કે જેઓ કોઈ એક ખાસ ઉપચાર અથવા કાર્યપદ્ધતિ કે પ્રવિધિનું સંચાલન કરવાનું પસંદ કરી પ્રયત્ન કરશે, તેના નિર્ણયને અમે ટેકો આપશું, અને અમે જાણીતી બધીજ પદ્ધતિઓ અને ઉપાયો વિષે માહિતી આપશું.

***ઑટિઝમની 'હતાશાઓ'ની ઘણી બાજુઓ છે અને ઑટિસ્ટિક બાળકના માતાપિતા હોવું એ પણ હતાશાભર્યું રહે છે. પરંતુ ઘણી સકારાત્મક બાડજુઓ પણ છે - મારા પુત્ર ખૂબ જ સુંદર બાળક છે અને સરસ વ્યક્તિત્વવાળો છે - ઑટિઝમના કાયમી સ્વરૂપવાળો નથી - એની રીતે ખૂબ જ પ્રેમાળ.***

**- એક માતાપિતા તરફથી જણાવેલું**

## મદદ કરવા શું કરી શકાય?

### તમારા તરફથી

બીજી કોઈ વ્યક્તિ કરતા, તમે તામારા બાળકને વધારે સારી રીતે જાણતા હશો, ખાસ કરીને જ્યારે તેની અથવા તેણીની કોઈ વિશિષ્ટ મુશ્કેલ પસંદગી અને નાપસંદગીઓના પ્રશ્ન વિષે હોય ત્યારે. બધાજ બાળકોની માફક, સ્વલીનતાવાળું બાળક એ એક અજોડ અનુપમ વ્યક્તિ છે અને તમે, તેના માબાપ અથવા સંભાળ રાખનાર તરીકે, નિપુણ કે નિષ્ણાત હશો. શિક્ષણ મદદ કરી શકે અને માબાપો તેઓના બાળકના કંઇ પહેલા સ્વાભાવિક શિક્ષક નથી હોતાં પણ તેઓના સમગ્ર વિકાસમાં મદદ કરવાનું ચાલુ રાખી શકે.

કોઈ પણ સ્વલીનતાવાળા બાળકને જાતમેહનત કે સ્વાશ્રય બનવા માટેની પ્રાવીણ્યતાઓ શીખવવાનો દ્દષ્ટાંત, એ કેળવણીનું એક અગત્ય પાસું છે, કારણકે આ તેઓને વધારેમાં સ્વતંત્રતા સિદ્ધ કરવામાં મદદ કરી શકે અને દરેકને માટે જીવન સરળ બનાવે છે.

તે યાદ રાખવાનું કદાચ મહત્વનું હોઈ શકે કે તમારું બાળક એક કુટુંબ-પરિવારના એકમનો એક ભાગ છે, અને તેની જરૂરિયાતોની સમતુલા બીજા અન્ય ભાઈઓ અને બહેનોની જરૂરિયાતો સાથે થવી જોઇએ.

### બીજાઓ તરફથી

તમારું બાળક સામાન્ય દેખાવાના કારણે, તમને કદાચ બીજાઓને સાવધાન કરવામાં મુશ્કેલી પડે, કારણકે તેને તથા તેણીને વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતો હોય છે. અમુક અંશે માબાપોને કદાચ વારંવાર શિક્ષણ આપનારની ભૂમિકા લેવી પડી છે, ઘણી વાર બીજા ધંધાધારીઓ સાથે પણ, જેમ કે જી.પી. શિક્ષકો અને આરોગ્યના મુલાકાતીઓ સાથે.

### નેશનલ ઓઇટસ્ટિક સોસાયટિ તરફથી

નેશનલ ઓટિસ્ટિક સોસાયટિ, માબાપોના જૂથ કે સમૂહની પહેલને લઈને, ૧૯૬૨માં રચવામાં આવી હતી, અને તેઓની સાથે મોડેથી રસ-અનુરાગ ધરાવતા ધંધાધારીઓ જોડાયા હતા. આજે સંસ્થા સંખ્યાબંધ સેવાઓ પૂડી પાડે છે. અમે :

- ઓટિઝમ (સવલીનતા (ની માનસિક વિકૃતિ) વિષે અને ઓટિઝમવાળા લોકોના શિક્ષણ અને સાર-સંભાળ વિષે શ્રેણીબદ્ધ પ્રકાશનો તથા હકીકત પત્રક તૈયાર કરીએ છીએ.

- સમગ્ર દેશમાં કુટુંબ - પરિવારો તથા સ્થાનિક સોસાયટિઓને ટેકો આપીએ છીએ.
- ફેમિલિ સર્વિસીસ કાર્યકરોની એક નાની ટીમ છે કે જે સ્ટેટયુઅરિ સેક્ટર (કાયદા વિભાગ), માબાપો, સાર-સંભાળ રાખનારાઓ અને ઓટિઝમવાળા લોકો વચ્ચે સંપર્ક રાખે છે.
- કમ્યૂનિકેશન નામનું સામયિક તૈયાર કરીએ છીએ અને વર્ષમાં ત્રણ વખત સભ્યોની સમાચાર પત્રિકા.
- ઓટિઝમ સાથે કાર્ય કરનારા લોકોને સમગ્ર બ્રિટનમાં તાલીમ આપવા માટે નિયમિત રીતે સંમેલન (સેમિનાર) અને પરિષેદોનું સંચાલન કરીએ છીએ.
- સંદર્ભ પુસ્તકાલય (રેફરન્સ) રાખીએ છીએ કે જ્યાં મુલાકાત દ્વારા માબાપો તેનો ઉપયોગ કરી શકે છે.
- પુખ્ત વયની વ્યક્તિઓ માટે - શાળાઓ તથા સેવાઓ સ્થાનિક સંસ્થાઓની સાથે મળીને ચલાવીએ છીએ.
- સંશોધનને પ્રોત્સાહન આપીએ છીએ
- એલિઅટ હાઉઝ, ધ સેન્ટર ફોર સોશિયલ અને કમ્યૂનિકેશન ડિસોર્ડર ને ટેકો આપીએ છીએ કે જે નિદાન, આકારણી, ધંધાકીય તાલીમ, અને સંશોધન પ્રદાન કરે છે.
- ઓટિઝમવાળા લોકો માટે, સેવાઓ વિકસાવવા તથા વિસ્તૃત કરવા માટે, વિકાસ (કરનારા) અધિકારીઓની એક ટીમ છે જેઓ સ્થાનિક સત્તાવાળાઓ માટે સંપર્ક માટે પહેલું સ્થળ હોય છે.

**વધારે મદદ અને સલાહ તમને તમારા સ્થાનિક સામાજિક સેવાઓના વિભાગમાંથી મળશે; સમાજસેવક તમને તમારા ક્ષેત્રમાંથી મળતી સેવાઓ વિષે કહી શકશે.**

## સંપર્ક

**The National Autistic Society**
**Headquarters**
393 City Road
London, EC1V 1NG
ફોન: 020 7833 2299
ફેક્સ: 020 7833 9666
વેબસાઈટ : www.nas.org.uk
ઈ-મેઇલ: nas@nas.org.uk

**Scottish Office**
Central Chamber
109 Hope Street
Glasgow, GN 6LL
ફોન: 0141 221 8090
ફેક્સ: 0141 221 8118

---

**Wales Office**
William Knox House
Suite C1,
Britannic Way
Llandarcy, Neath
West Glamorgan SA10 6EL
ફોન: 01792 815 915
ફેક્સ: 01792 815 911

---

**The National Autistic Society**
**Services Division**
Church House
Church Road, Filton
Bristol, Avon, BS12 7BD
ફોન: 0117 987 2575
ફેક્સ : 0117 987 2576

---

**The National Autistic Society**
**Development and Outreach and Training**
Castle Heights,
4th Floor
72 Maid Marian Way
Nottingham , NG1 6BJ
ફોન: 0115 974 8401
ફેક્સ: 0115 987 2576

**ઑટિઝમવાળા લોકો માટે, ધ નૅશનલ ઑટિસ્ટિક સોસાયટિ ઉજ્જવલ ભવિષ્ય બનાવી રહી છે.**

# ઓટિઝમ વિષે વધારે માહિતી સારું મહેરબાની કરીને આ ફોર્મ પૂર્ણ કરો

ટાઈટલ મિ /મિસીસ/મિસ/મિસ) : ______________________________

નાપની આધાક્ષરી : ______________ અટક : ______________

સરનામું : ______________________________

______________________________

______________ પોસ્ટકોડ : ______________

શું તમે છો : ☐ માબાપ/સંભાળ રાખનાર ☐ ધંધાધારી ☐ બીજા

મને વધારે માહિતી પસંદ પડશે :

☐ અભ્યાસક્રમ/કનફરન્સ (સંમેલન) ☐ સ્થાનિક જૂથ/શાખઓ/ સંસ્થાઓ ☐ પ્રકાશન

☐ સભાસદપણામાં ☐ એનએએસ મેગેઝિન, સંદેશવ્યવહાર

મને દાન કરવાની ઈચ્છા છે : ______________ (મહેરબાની કરીને રકમ લખો)

હું ચેક/પોસ્ટલ ઓર્ડર બીડું છુ કે જે ચુકવણીપાત્ર (પેયેબલ) હશે

ધ નેશનલ ઓટિસ્ટિક સોસાયટિ

અથવા

મહેરબાની કરીને મારા એકસેસ/વિસા કાર્ડને ઉધારો

અંત તારીખ ☐☐☐☐

કાર્ડ નંબર ☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐☐

સહી : ______________________________

તારીખ : ______________ બધાજ દાન કૃતજ્ઞાપૂર્વક સ્વીકારવામાં આવે છે

ઓટિસ્ટિક સોસાયટિ ગેરંટી અનુસાર એક મર્યાદિત જવાબદારીવાળી કંપની છે તે ઈંગ્લેન્ડમાં 1205298 નંબરથી રજિસ્ટર્ડ થઈ છે. રજિસ્ટર્ડ ઓફિસ : 393 City Road, London EC1V 1NG દાનધર્મ (રજિસ્ટર) Registered No. : 269425.